# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૮/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'પ્રેઝેન્ટ એન્ડ ફયુચર ઓફ એજયુકેશન' વિશે વેબીનાર

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'પ્રેઝેન્ટ એન્ડ ફયુચર ઓફ એજયુકેશન' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સુરતની કન્ટ્રીસાઇડ ઇન્ટરનેશનલ સ્કૂલના ફાઉન્ડર શ્રી સંજય મહેતા, દિલ્હી પબ્લીક સ્કૂલના પ્રિન્સીપલ શ્રી પી. વામશી ક્રિષ્ણા તથા લર્નર, રાઇટર એન્ડ ક્રિએટર ડો. ભદ્રાયુ વછરાજાનીએ સ્ટોનથી લઇને ટેબલેટ સુધીના ભણતરમાં આવેલા બદલાવ વિશે માહિતી આપી ટેકનોક્રેઝીમાંથી હવે ટેકનો સેવી અને ટેકનો એક્ષપર્ટ બનવાનો સમય આવી ગયો છે તેમ જણાવ્યુ હતુ. બાળકોમાં રીડીગ–રાઇટીગ ઉપરાંત કોમ્પ્રેસ પ્રોબ્લેમ સોલ્વીગ, સોશિયલ, પ્રોસેસિંગ, સિચ્યુએશન એનાલિસિસ અને કોમ્યુનિકેશન સ્કીલ ડેવલપ કરવા માટે ટેકી અને ફસીના કોમ્બીનેશન થકી શિક્ષણનું અસ્તિત્વ ટકાવવું પડશે તેમ કહી શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવવાની સમયની માંગને નિષ્ણાંતોએ પોતાના વિચારો થકી રજૂ કરી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેને આવકારી જણાવ્યુ હતુ કે, ડિસ્ટન્સ લર્નીગ અને ઓનલાઇન એજયુકેશન વિશે અત્યાર સુધી સાંભળતા આવ્યા હતા પરંતુ લોકડાઉન દરમિયાન ઓનલાઇન એજયુકેશનને સારી રીતે સમજી શકયા છીએ. આજના વેબીનારમાં નિષ્ણાંતો ભવિષ્યમાં ઉભી થનારી શિક્ષણ પદ્ધતિ વિશે માર્ગદર્શન આપશે.

શ્રી સંજય મહેતાએ જણાવ્યુ હતુ કે, કોરોના અને લોકડાઉનને કારણે એજયુકેશન સિસ્ટમની પરીભાષા એક મહિનામાં બદલાઇ ગઇ છે. એમાં કોવિડ ૧૯ એક પ્રકારનું નિમિત્ત બન્યુ છે. શિક્ષણ માટે જે નવી પદ્ધતિઓનો અમલ કરવાનો પ્રયાસ કરીશું તે ભવિષ્ય બની રહેશે. શિક્ષણમાં સ્ટોનથી લઇને ટેબલેટ સુધીના ભણતરમાં ઘણા

બદલાવ આવ્યા છે. આજે વિદ્યાર્થીઓ શું ભણે છે અને શા માટે ભણે તે પ્રશ્ન ઉભો થાય છે. ભણતરનું યુટીલાઇઝેશન કેટલું થાય છે તે પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, લિબરલ આર્ટ્સ એજ્યુકેશનનું ભવિષ્ય છે. ટેકી અને ફસીનું કોમ્બીનેશન એજયુકેશનનું અસ્તિત્વ ટકાવી શકશે. કોવિડમાંથી બહાર આવવા માટે કોમ્પોનન્ટ્સ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીએ એટલે એને ટેકી કહેવાય અને આવું કરવા પાછળ વિચારવા માટેનું દિમાગ એટલે ફસી, જે લિબરલ આર્ટ્સથી શકય બને છે. ટીચરને પણ અપગ્રેડ કરવા માટેનું કામ ટેકી અને ફસી કરશે. ટેકી અને ફસીનું કોમ્બીનેશન એજયુકેશનનો આયામ હશે. લિબરલ આર્ટ્સ વધારે પ્રચલિત થશે. એવું શકય બનશે કે લિબરલ આર્ટ્સમાં વિદ્યાર્થીઓ ઇકોનોમીની સાથે ફોરેન લેંગ્વેજનો પણ અભ્યાસ કરશે.

શ્રી પી. વામશી ક્રિષ્ણાએ એકચ્યુઅલ એજયુકેશનના પીલર્સ, વર્તમાન એજયુકેશન અને ભવિષ્યનું એજયુકેશન કેવું હોવું જોઇએ, સ્કૂલ શરૂ થયા બાદ આપણો એકશન પ્લાન શુ હોવો જોઇએ અને તેમાં ટીચરની ભૂમિકા વિશે વિસ્તૃતપણે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, લર્નીંગ એટલે સ્કૂલમાં જ થાય અને ટીચર થકી જ થાય એવું જરૂરી નથી. ૧૮૦૦ વર્ષ પહેલા લર્નીંગ માટે આ ડેફીનેશન ન હતુ. હવે તો લર્નીંગ એટલે કે પુસ્તકોમાંથી ભણવાનું એવુ જ થઇ ગયુ છે. પરંતુ ઘરમાં સફાઇ કરવી અને વાલીઓને મદદ કરવી પણ લર્નીંગ છે. ક્રાઇસિસને ડીલ કરવાને પણ લર્નીંગ કહેવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આપણે ભણતરની પરીભાષા બદલવી પડશે. સેકન્ડ ઇન્ડસ્ટ્રીયલ રેવલ્યુશનનું મોડેલ ફોલોઅપ કરવુ પડશે. હવે ફોર્થ ઇન્ડસ્ટ્રીયલ રેવલ્યુશનની જરૂરિયાત ઉપર આવી ગયા છે. ઓટોમેશનમાં ૫૦ ટકા કામ મશીનો દ્વારા કરવામાં આવી રહયું છે. એટલે ભવિષ્યમાં આર્ટીફિશીયલ રોબોટ્સ વિગેરે માટે બાળકોને તૈયાર કરવાનુ રહેશે. વર્તમાન એજયુકેશનની વાત કરીએ તો ૬૫ ટકા બાળકો વીસ વર્ષ બાદ ભણીને બહાર પડે ત્યારે તેઓ નોકરીના લાયક હોતા નથી. કારણ કે નોકરીના સ્થળે જુદી–જુદી સ્કીલ્સની જરૂરિયાત હોય છે, જે ફ્રેશરોમાં કંપનીને દેખાતી નથી.

શ્રી ક્રિષ્ણાએ વધુમાં જણાવ્યુ હતુ કે અત્યારે રીડીગ, રાઇટીગ અને સારી મેમરીની નોકરી માટે જરૂરિયાત છે પણ ભવિષ્યમાં કંપનીઓ માટે સૌથી અગત્યની જરૂરિયાત કોમ્પ્રેસ પ્રોબ્લેમ સોલ્વીગ, સોશિયલ (કો–ઓર્ડીનેશન અને ઇમોશનલ ઇન્ટેલીજન્ટ), પ્રોસેસિંગ, સિચ્યુએશન એનાલિસિસ અને કોમ્યુનિકેશન સ્કીલ મહત્વના બની રહેશે. ભવિષ્યમાં કંપનીઓ માટે કલાઉડ એન્જીનિયર, આર્ટીફિશીયલ અને ઇન્ટરનેટ પ્રોટોકોલ મેનેજરની ઉભી થશે. તેમણે કહયુ કે, સ્વીડન અને ડેનમાર્ક જેવા દેશોએ એજયુકેશન સિસ્ટમ બદલી નાંખી છે. આવી સ્થિતિમાં આપણે એજયુકેશન સિસ્ટમમાં બદલાવ નહી લાવીશું તો ભારતીયો પાછળ રહી જશે.

ઇન્ફોર્મેશન, પેડેગોજી, સાઇકોલોજી, ઇન્ફોર્મેશન પ્રોસેસિંગ અને ટેકનોલોજી જેવા પીલરોનો ઉપયોગ નહી કરીશું તો આગળ નહી વધી શકીશું. રીડીગ, રાઇટીગ અને મેમરીની ઉપરાંત ક્રિટીકલ થીન્કીગ, કોમ્યુનિકેશન, ક્રિએટીવિટી અને કોલાબોરેશન ઓફ પ્રોબ્લેમ સોલ્વીગ જેવી સ્કીલ્સની મલ્ટી ડિસીપ્લીનરી ધીમે ધીમે લાવવી પડશે. ભવિષ્યમાં વિષયોને પણ મલ્ટી ડિસીપ્લીનરી કરીને બાળકોને ભણાવવા પડશે. આજે બેથી ચાર દેશો સાથે મળીને બાળકોને કોલાબોરેટ કરીને ભણાવી શકે છે.

તેમણે વધુમાં કહયું કે, શિક્ષકોની ભૂમિકા કયારેય બદલાતી નથી પણ બહેતર થાય છે. શિક્ષકોને પણ માઇન્ડ સેટ બદલવો પડશે. હુ ભણાવુ છુ અને તમે ભણો એના બદલે શિક્ષકોએ ફેસીલિએટર અને લર્નરની ભૂમિકામાં આવવુ પડશે. ટેકનોલોજીના ઉપયોગથી સારા શિક્ષકોનું ભણતર બાળકો સુધી પહોંચાડી શકાય છે. આથી ઓનલાઇન ભણવા માટેનો સમય આવી ગયો છે. મને લાગે છે આ એક સારી તક છે. અત્યારે તાઇવાન અને ડેનમાર્કમાં સ્કૂલ ચાલુ થઇ છે એ સિવાય બધી સ્કૂલો બંધ છે. સામાજિક હેતુ, ફિઝીકલ એકટીવિટી અને જજમેન્ટ કર્યા વગર બાળકોને સ્કૂલમાં સાંભળવામાં આવતુ હોવાથી પણ બાળકો સ્કૂલ સાથે જોડાયેલા હોય છે.

ડો. ભદ્રાયુ વછરાજાનીએ જણાવ્યુ હતુ કે, કોરોના વાયરસ પ્રકૃતિ દ્વારા આપવામાં આવેલો આશિર્વાદ અને અભિશાપ બંને છે. આશિર્વાદ એ અર્થે જોઇએ કે આજદિન સુધી આટલા સમય સુધી પોતાના ઘરમાં કયારેય રહયા નથી અને પરિવારને આટલો સમય આપ્યો નથી. પાડોશમાં કોણ રહે છે તે પણ જાણી શકયા ન હોત. અભિશાપ એ રીતે કે હવે પછી શું થશે તેવુ વિચારતા થઇ ગયા છે. પણ મને લાગે છે કે આપણે કયારેય બદલાઇશુ નહીં. અત્યારે બધુ વિચારે છે પણ ગતિમાન થયા બાદ જુના ક્ષેત્રમાં દોડતા થઇ જશે. પર્સનલ હાઇજીન અને પર્સનલ કેર માટે નાનકડો બદલાવ આવશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આજ સુધી આપણે ટેકનોક્રેઝી હતા પણ હવે ટેકનો સેવી અને ટેકનો એક્ષપર્ટ બનવું પડશે. ટીચર્સ માટે બદલાવ લાવવાનો સમય આવશે. વાલીઓને પણ લોકડાઉને સારો પાઠ ભણાવ્યો છે કે બાળકોને સંભાળવા આસાન નથી. લોકડાઉન દરમિયાન શિક્ષણ કરતા અત્યારે કેળવણી વધારે ચાલી રહી છે. સ્કૂલોમાં હવે સ્માર્ટ એન્ડ ઓનલાઇન ટીચીંગ માટે ઓનલાઇન એજયુકેશનનો પોર્શન રાખવો પડશે. સ્કૂલ ચાલુ થાય ત્યાં સુધી તો ઓનલાઇન એજયુકેશન ચાલુ રાખવુ જોઇએ. સોમવારથી ગુરુવાર સુધી બાળકોને ભણાવવામાં આવે. શુક્રવારે ઓનલાઇન ભણાવવામાં આવે અને શનિવારે એકટીવિટી કરાવવામાં આવે. બાળકો માટે સ્કૂલીગ, ઓનલાઇન અને એકટીવિટી પણ થવી જોઇએ. શાળાઓએ પણ સમજી જવુ જોઇએ કે અત્યારે એવો સમય આવી ગયો છે.

તેમણે વધુમાં કહયું કે, ઇન્ફ્રાસ્ટ્રકચર વધારવા માટે વિચારવુ પડશે. બાળકોની કેળવણી અને ડેવલપ સ્કીલ્સ માટે ઇન્ફ્રાસ્ટ્રકચરનો ઉપયોગ થવો જોઇએ. હાલ જે રિસોર્સ અવેલેબલ છે તેનો વધુમાં વધુ ઉપયોગ થવો જોઇએ. મહાત્મા ગાંધીજીની જીવનશૈલી જેવી કે કૃષિ, ગૌશાળા, ઉદ્યોગ, ભુગોળ, ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિગેરેને મોડર્ન ટચ આપીને પણ શિક્ષણ પદ્ધતિ લાવી શકીશું. બાળકોને ઓવર એમ્બીશન બનાવવા કરતા તેઓને પોતાનામાં રહેલી આવડતને સાબિત કરવાનું શીખવાડવું પડશે. આશ્ચર્ય, વિસ્મય અને શ્રદ્ધા બાળકોમાં આરોપિત થવી જોઇએ. એજયુકેશન સિસ્ટમમાં પરિવર્તન લાવવાની જરૂરિયાત ઉભી થઇ છે.

ગુજરાતના સેલ્ફ–ફાયનાન્સ સ્કૂલ મેનેજમેન્ટના પ્રેસિડેન્ટ ડો. દીપક રાજગુરુએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને એકેડેમિક કોર્સિસ એન્ડ લાયબ્રેરી કમિટીના ચેરમેન શ્રી અજીત શાહે પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.